

મલેશિયન ઓપનમાં સાયના નેહવાલની આખરે હાર થઇ

Page-6


સુવિચાર : નજીક રહેલો જીવ પણ દ્વેષ ના કારણે દૂર થઇ જાય છે.. જયારે દૂર રહેલો જીવ પણ પ્રેમના કારણે નજીક આવી જાય છે - પૂજ્ય મોટા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫ | ૫ એપ્રિલ, ૨૦૧૫, રવિવાર ; ચૈત્ર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નો આજકાલમાં જ ઉકેલાશે

## સરકાર અને કર્મચારી સંગઠ્ઠનો વચ્ચે આગામી સપ્તાહના આરંભે મંત્રણાઓ

## નિર્ણાયક તબક્કામાં પહોંચેલી મંત્રણાઓ મહત્વના નિર્ણયોની જાહેરાતોના સંકેતો

ગાંધીનગર, તા. ૪

રાજ્ય સરકાર અને કર્મચારી સંગઠ્ઠનના આગેવાનો સાથે ૬ અથવા ૭ એપ્રિલના રોજ વાટાઘાટોનો નિર્ણાયક તબક્કો યોજાશે.

સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર વિધાનસભાના બજેટ સત્ર અગાઉ કર્મચારીઓએ પડતર પ્રશ્નો અંગે આંદોલનની ચેતવણી આપી હતી. સરકારે આ પછી સંગઠ્ઠનો સાથે વાતચીતોનો દોર આરંભ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે કર્મચારીઓ દ્વારા ૧૫ જેટલા મહત્વના પ્રશ્નોની રજુઆતો કરાઈ હતી. આ બધા પ્રશ્નો પર સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં વાતચીતો આગળ વધી હતી. હવે આ વાતચીતો નિર્ણાયક તબક્કામાં પહોંચી ચુકી છે અને સોમવાર કે મંગળવારે આખરી તબક્કામાં તેના પર ચર્ચાઓ થશે.

કર્મચારી સંગઠ્ઠનોએ છઠ્ઠા પગારપંચની વિસંગતતાઓ અંગે તેમજ મેડીકલ એલાઉન્સ, એલ.ટી.સી.માં વિદેશ પ્રવાસની મંજૂરી તેમજ કર્મચારી દ્વારા કરાયેલ કુલ પ્રવાસના ખર્ચનો સમાવેશ કરવા ઉપરાંત ફિકસ પગારથી જે કર્મચારીઓની નિયુક્તી પાંચ વર્ષ માટે થાય છે તે ઘટાડીને ત્રણ વર્ષ કરવા સાથે કાયમી કર્મચારી જેવા લાભો પણ આ કર્મચારીઓને રજા, મેડીકલ સહિતના આપવાની બાબતનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર સંગઠ્ઠનો દ્વારા રજુ થયેલા પ્રશ્નો અંગે ખુબ જ ગંભીરતાથી અભ્યાસ કરવામાં આવ્યો છે અને હવે પછીના આ નિર્ણાયક તબક્કામાં કેટલીક મહત્વની જાહેરાતો થશે તેમ મનાઈ રહ્યું છે.

દરમ્યાન વય મર્યાદાની નિવૃત્તિ અંગે સરકારને મળેલી રજુઆતો અંગે સરકારનું મન ખુલ્લુ હોવાના સંકેતો વિધાનસભાના સત્રની લેખિત પ્રશ્નોત્તરીમાં આપતાં સરકારે જણાવ્યું હતું. કે ૧૨ જેટલી રજુઆતો મળી છે અને સરકાર તેના પર ગંભીરતાથી વિચારણા કરી રહી છે. અર્થાત્ કદાચ કર્મચારી સંગઠ્ઠનો સાથેની ચર્ચા દરમ્યાન આ મુદ્દે પણ નિર્ણય આવે તેવી શક્યતાઓ સચિવાલયના સુત્રો વ્યક્ત કરી રહ્યા છે.

આખરી તબક્કાની આ વાતચીતો માટે સંગઠ્ઠનો પણ તેમની રજુઆત માટેના મુદ્દાઓની અસરકારકતાને વધુ તીવ્ર બનાવી અને આંતરિક ચર્ચા વિચારણા કરી રહ્યા છે. જો કે આગામી સપ્તાહે યોજાનારી આ મંત્રણાઓ નિર્ણાયક બનશે એ વાત નિશ્ચિત રીતે મનાઈ રહ્યું છે.



ચંદ્રગ્રહણ - શનિવારની બપોરથી સાંજ સુધી અવકાશમાં ખગોળિય ઘટના ચંદ્રગ્રહણ વિશ્વભરમાં અનુભવાયું... ચંદ્ર - સૂર્ય અને પૃથ્વી વચ્ચે આ કલાકો માટેની ઘટના વિજ્ઞાન, ખગોળ અને જ્યોતિષ ત્રણેય શાસ્ત્રો અલગ અલગ રીતે મૂલ્યાંકન કરે છે... કાળક્રમે સર્જાતી સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણની ખગોળિય ઘટના અભ્યાસ માટે રોમાંચક છે... એકબીજાના માર્ગમા પડછાયા પાડીને પસાર થવાની આ સહજ પ્રક્રિયાને અનેક રીતે મૂલવાય છે... ભારતમાં ધાર્મિક શ્રદ્ધા ઉમેરાતા ચંદ્રગ્રહણનું સામાજીક મૂલ્ય વધી ગયું છે...

# ગાંધીનગરમાં પુનઃ હવામાન પલ્ટાયું

## પવન સાથે ધુળની ડમરીઓ ઉડી : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો

ગાંધીનગર, તા.૪

છેલ્લા એક સપ્તાહમાં બીજીવાર ભર ઉનાળે હવામાનમાં પલ્ટો આવ્યો છે. બપોર બાદ જોરદાર પવન ફુંકાવવો શરૂ થયો હતો અને આકાશમાં વાદળો છવાઈ ગયા હતા. વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે મહત્તમ અને લઘુત્તમ તામપાનમાં ઘટાડો થયો છે.

ભર ઉનાળે વાતાવરણમાં પલ્ટો આવતા તાપમાન ઘટયું છે અને ગરમીમાં ઘટાડો થયો છે. આજે સવારથી જ આકાશમાં આછા પાતળા વાદળો દેખાતા હતા. બપોર બાદ જોરદાર પવન ફુંકાવવો શરૂ થયો હતો જેના કારણે શહેરમાં મુખ્ય માર્ગો પર અને મેદાનોમાં પાંદડાઓના કચરાના ઢગલા જોવા મળતા હતા.ધૂળ અને વાદળોના કારણે બપોર બાદ તો તડકો જોવા જ મળ્યો ન હતો. સતત પવન ફુંકાવાના કારણે તાપમાનમાં ગીરાવટ જોવા મળી છે. આજે મહત્તમ તાપમાન ૩૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫.૭ ડિ.સે. નોંધાયું હતું જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૩ ટકા અને સાંજે ૩૦ ટકા નોંધાયું હતું.

# જિલ્લામાં અધિક આરોગ્ય અધિકારીની જગ્યા ઉભી કરાઈ


ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે અધિક જિલ્લા આરોગ્ય અધિકારીની નવી જગ્યા ઉભી કરવામાં આવી છે અને આ જગ્યા પર ડૉ. પિયુષ આર. પટેલની નિયુકિત પણ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર સતત ભાર મુકવામાં આવી રહ્યો હતો. તાજેતરમાં વર્ગ-૧ની આ જગ્યા માટે પબ્લીક સર્વિસ કમિશન દ્વારા લેવાયેલ પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ નિમણુંકના હુકમો જારી કરવામાં આવ્યા છે.

જી.પી.એસ.સી. દ્વારા ૮ જેટલા તબીબોની આ સંવર્ગની વિવિધ જગ્યાઓ પર પસંદગી કરવામાં આવી છે આરોગ્ય વિભાગ દ્વારા આ અંગે હુકમો કરી દેવાયા છે.

નવા નિયુકત થયેલા ડૉ. પટેલ આગામી સપ્તાહમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળે તેવી શકયતાઓ છે.



માસ્ટર શેફ - ગૃહિણીઓમાં સર્વાધિક લોકપ્રિય રીયાલીટી-શો 'માસ્ટર શેફ'ના ગ્રાન્ડ ફિનાલે સુધી ઉત્તર ગુજરાતના મોડાસાની નિકીતા ગાંધી પહોંચી છે... નિકીતા માસ્ટર શેફના અનેક રાઉન્ડમાં ઉજ્જવળ અભિવ્યક્તિ દ્વારા ફાઈનલના મુકામ સુધી પહોંચવામાં સફળ રહી છે... દેશભરમાં ગૃહિણીઓ માસ્ટર શેફનો શૉ માણે છે એટલું જ નહી પણ મોટી સંખ્યામાં રિયાલીટી-શૉમાં ભાગ લેવા પહોંચે પણ છે... ગુજરાતનું ગૌરવ છે કે નિકીતા ગાંધી મહિલાઓના લોકપ્રિય શૉમાં રાષ્ટ્રીય કક્ષાએ પહોંચી છે... પાર્થિવ ગોહિલ, ઐશ્વર્યા મજમુદાર, દર્શન રાવલના પગલે નિકીતા ગાંધી પણ એક અલગ પ્રકારના રાષ્ટ્રીય કક્ષાના રિયાલીટી-શૉમાં ટોપ પર પહોંચી ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું છે... ગુજરાતની ગૃહિણીઓ હજુ ઈચ્છે છે કે ફાઈનલ વિજેતા તરીકે પણ ગુજરાતની નિકીતા ગાંધી વિજયી બને તો સ્વાદ, સોચ અને સુગંધનો ત્રિવેણી સંગમ યોજવામાં ગુજરાત ટોપર બનશે... આવો આગામી દિવસોમાં નિકીતાને પ્રોત્સાહિક કરવા સૌ ગુજરાતણો સક્રિય બને....

# મેડીકલ કોલેજનું એમસીઆઈ ટીમ દ્વારા પુનઃ ઈન્સ્પેકશન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મેડીકલ કોલેજમાં આજે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ દ્વારા સઘન ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું.

આજે સવારે જ કાઉન્સીલની ટીમ ગાંધીનગર હોસ્પિટલ ખાતે આવી પહોંચી હતી. ત્રણ સભ્યોની આ ટીમમાં એક મહિલા સદસ્યા હતા. એક ઈન્સ્પેક્ટર મુંબઈથી તો એક આંધ્ર પ્રદેશથી આવ્યા હતા.

આ ટીમે આજે આખા દિવસ દરમ્યાનના ઈન્સ્પેકશનમાં દરેક વોર્ડની મુલાકાત લીધી હતી. તેમજ જુદી જુદી ક્ષતિઓ જે અગાઉના ઈન્સ્પેકશનમાં દર્શાવવામાં આવી હતી તેની પૂર્તતા જે રીતે કરાઈ છે તેની ઝીણવટભરી તપાસ કરી હતી.

ત્રણ અલગ-અલગ ટીમ બનાવી સમગ્ર ઈન્સ્પેશન કરાયું હતું. એક ટીમે ઓ.ટી., લેબરરૂમ, વોર્ડ ઈન્સ્પેક્શન સહિતની બાબતોની ચકાસણી કરી હતી તો બીજી ટીમે કોડ એનાલીસીસ રેકર્ડનું થયું છે કે નહિ તેની ચકાસણી કરી હતી.

આ ઉપરાંત હેડ કાઉન્ટીંગ અને પ્રમાણપત્ર વેરીફીકેશન સહિતની કામગીરી ત્રીજી ટીમે કરી હતી. આજે આખો દિવસ ઈન્સ્પેકશનનો ધમધમાટ રહ્યો હોવાથી તબીબી અધિકારીઓની દોડધામ કરતા નજરે પડતા હતા. આજે ઈન્સ્પેકશન મોડી સાંજ સુધી ચાલ્યુ હતુ.

ઈન્સ્પેક્શન મોડી સાંજે પૂર્ણ થતાં કોલેજ સત્તાવાળાઓએ રાહતનો દમ લીધો હતો. જો કે આજના ઈન્સ્પેકશનના અંતે સત્તાવાળાઓ મંજૂરી મળશે તેવી આશા વ્યક્ત કરતા થયા છે.

મેડીકલ કાઉન્સીલની ટીમના ઈન્સ્પેક્શન દરમ્યાન સોસાયટીના સી.ઈ.ઓ. અને ડીન તેમજ ઉચ્ચ અધિકારીઓ ટીમના સભ્યોની સાથે સતત રહ્યા હતા.


તલાટી

ગુજરાત સરકારમાં નોકરી મેળવો

ધોરણ-12 પાસ

2440+ જગ્યાઓ

✔ પરીક્ષા સુધીનો કોર્ષ
✔ નિયમિત ટોપિકસના અંતે ટેસ્ટ
✔ 25000+ વધુ પ્રશ્નોનું સોલ્યુશન
✔ 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ

સંપૂર્ણ અધ્યતન સાહિત્ય FREE

(તલાટી) બ્રિલિયન્ટ બેચ-2015

નાપાસ થવાથી ફી 100% પરત

ફી ₹ 99,000/- 100% રીફન્ડેબલ

બેચ-I : બપોરના 12 થી 3 પ્રવેશ ચાલુ છે (પ્રવેશ માટેની અંતિમ તા. 15-4-2015)

બેચ-II : સવારના 9 થી 12 (સોમ થી શની) (બેચ શરૂ થવાની તા. તા. 03-5-2015)

ઈકોનોમિક બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 16.04.2015 | બપોરના 3-15 થી 5-15 | સોમ થી શુક્ર |
| 23.04.2015 | બપોરના 1-00 થી 3-00 | સોમ થી શુક્ર |
| 02.05.2015 | બપોરના 1-00 થી 5-00 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 18,000/-

TCCI EDUCATION PVT. LTD.

MUKESH PATEL : 90990 76788

નાયબ મામલતદાર/ Dy.S.O.

શનિ / રવિ : બપોરના 3-00 થી 7-00 પ્રવેશ ચાલુ છે ... ફી માત્ર ₹ 24000/-

ગેરેંટેડ બેચ માં બપોરના 3 થી સાંજના 6 રવિવાર થી શુક્રવાર (ફી માત્ર ₹ 99,000/-) પ્રવેશ માટેની અંતિમ તા. 14-4-2015


શ્રદ્ધાંજલિ



સ્વ. હાજી અલારખભાઈ હાસમભાઈ મનસુરી


(રાંધેજાવાળા)

સ્વ. તા. ૩-૪-૨૦૧૫

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી.
હર હંમેશા હેતની લાગણી સહેજે વિસરાતી નથી.
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.
આપના દિવ્ય આત્માને કોટી કોટી વંદન

રાધે સ્વીટ્સ પરિવાર, ગાંધીનગર


ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ



શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ

- ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
- અધતન કીચન તથા વોશ એરીયા
- બાળકો માટે પ્લે એરીયા
- વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
- ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
- અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...

વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

૧ થી ૩૦ સેક્ટર માટે

LED TV, LCD TV, Colour TV

રીપેરીંગ માટે ફોન કરો

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬